## હા... સાહેબ !

"મુકો આંધણ લાપસીના..!!"

"હા...હા... આજે તો લાપસી જ... ધનતેરસ છે ને ?! લક્ષ્મીપૂજન કરીશુ..! ફટાકડાં ફોડીશું..!"

"... લાપસી રાંધવાના આજે બે નિમિત્ત છે..! ધનતેરસ તો છે ને છે..!! પણ હવે ગાંધીનગરને મેટ્રો મળશે..! એટલે લાપસી..!"

"ઓ હો, આ ફરી લોલીપોપ..! કેટલી આપશો..?!"

"સપરમા દિવસે તો સીધુ બોલો... અપશુકનીયાળ શબ્દો કેમ બોલો છો..?!"

"કેમ તમને ખબર જ નથી... આ મેટ્રોના પાટીયા છ-છ વરસ ગાંધીનગર છાતીએ લગાવીને ફર્યું..!! અહીંથી પસાર થશે ને તહીંથી પસાર થશે..! અહીં ઉભી રહેશે ને તહીં ઉભી રહેશ..! અહીં સ્ટેશન બનશે.... એના માટે અહીં ગોડાઉન બનશે..!! આખા પાટીયાઓનો ભંગાર પણ જો તમારે જોવો હોય ને તો... બે-ચાર જગ્યાએ સડે છે..!!"

"ખરા છો..! આટઆટલું ગાંધીનગરને આપ્યું તોય હજી અફસોસની જ વાતો..!! બસ નારાજ થવાનું એટલે થવાનું જ..?! ક્યાં હતાં ને ક્યાં પહોંચ્યા છીએ... કેવું મહાનગર બની ગયું..?! એની કદર ના કરો તો કંઈ નહીં..! કકળાટ તો ના કરો..!"

"સાહેબ કકળાટની વાત જ નથી..! તમે જે સોનેરી સપના અમને બતાવ્યાતાં એમાંનું કશું નથી થયું..! અને જે થયું છે તે સ્વાભાવિક થયું છે..! તમારા માટે થયું છે..! અને તમને યોગ્ય લાગે તેવું થયું છે..!! પ્રજા ક્યાં છે આમાં..?!"

"ખરા પાછળ પડી ગયા છો હોં..!! મહાત્મા મંદિર બનાવ્યું..! સ્વર્ણિમ સંકુલ બનાવ્યું..!! સેન્ટ્રલ વિષ્ટા બનાવી..!! સ્ટેશન બની રહ્યું છે..!

"... અને ઉમેરો... પાણી વિનાના તળાવ બનાવ્યા..! ગાડી વિનાના સ્ટેશન બનાવ્યા... હેતુ વગરનો ડોમ બનાવ્યો... ગાંધીનગરાઓને પ્રવેશ ના મળે તેવા એક્ઝીબેશન હોલ બનાવ્યા..!! સામાન્ય માણસનો પડછાયો

● અનુસંધાન પાન-૭ પર



દિપાવલી પર્વની સીધી અસર - દિપાવલી પર્વના આરંભની સાથે શહેરના માર્ગો પર ચહલ-પહલ વધી ગઈ છે... બજારો ગ્રાહકોથી છલકાય છે... બેંકોમાં લાંબી કતારો છે... તો સરકારી કચેરીઓમાં મીઠાઈના અને ગીફ્ટ બોક્સ આપવા આવતા મુલાકાતીઓની સંખ્યા ૧૦ ગણી વધી છે... જેની કારણે ગાંધીનગરના સીક્સ લેન પર પણ ટ્રાફીક જામના દશ્યો સર્જાય છે... ગાંધીનગરનું આ દશ્ય જોવાની ગાંધીનગરાઓને મજા પડે છે... કેવુ ધમધમતું થયું... અમારું નાનકડું ગાંધીનગર....

# રાજયનું આરોગ્યતંત્ર જિલ્લાના બે તાલુકામાં 'સર્વે સન્તુ નિરામય'નો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકશે

**નિયમિત આરોગ્ય તપાસ; કુપોષણ મુક્તિ અભિયાન, સામાજિક કુરિવાજો સામે તેમજ વધુ પડતાં જંક-ફૂડના આહાર સામે જન-જાગૃતિ અભિયાન છેડી સ્વસ્થજીવન વધુ જીવોની આરોગ્યતંત્ર આહલેક જગાવશે**

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા હવે ગાંધીનગર જિલ્લાના બે તાલુકા ગાંધીનગર અને કલોલમાં 'સર્વે સન્તુ નિરામયઃ।।' નામનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વસ્થ જીવન વધુ જીવોના મંત્ર સાથે અમલી બનનારા આ પ્રોજેક્ટમાં બદલાતી જીવનશૈલી સામે રૂકજાવ કહેતી જન-જાગૃતિ કેળવવામાં આવશે.

વધુ પડતા જંક-ફૂડનો આહાર લેવાથી રોગોનું પ્રમાણ વધે છે તેમજ બેઠાડુ જીવનથી શરીરની સ્થૂળતા વધે છે ત્યારે આ માર્ગ છોડી સાત્વીક ખોરાક અને આહાર-વિહારની જુની પદ્ધતિ લોકો અપનાવતા થાય તેના પર જન-જાગૃતિ અભિયાનમાં વિશેષ ભાર મુકવામાં આવશે.

સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ પછી હવે આરોગ્ય વિભાગ દ્વારા સ્વસ્થ જીવન-વધુ જીવો અભિગમ સાથે આ પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં હવે અજગરોની સંખ્યા વધી

**છેલ્લા ૬ મહીનામાં પાંચ વિશાળકાય અજગર દેખાયા : કોતર અને બખોલ અજગરો માટેનુ રહેણાંક : અજગર માટે સાનુકુલ વાતાવરણ પણ જવાબદાર**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી અજગર દેખા દેતા થયા છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ કાળક્રમે અજગર અદ્રશ્ય થઈ ગયા હતા. પરંતુ કેનાલ વિસ્તારમાં દક્ષિણ તરફથી પાણીનો ફલો વધતા કેનાલ મારફતે અજગરની સંખ્યા શહેર આસપાસના જંગલ , બખોલ તેમજ કોતર વિસ્તારમાં વધી રહી છે. અજગરને સાનુકુલ વાતાવરણ મળી રહેતા અજગર માટે હવે ગાંધીનગરનો વિસ્તાર ફેવરેબલ બની રહયો છે. છેલ્લા ૬ મહીનામાં જ વિશાળકાય અજગરે દેખા દીધી હોવાના પાંચ કિસ્સા નોંધાયા છે. રાંદેસણ અને નાના ચિલોડા વિસ્તારમાં પણ ગત સપ્તાહ દરમિયાન આઠ ફુટના તોતિંગ અજગરને સ્નેક લવર્સ કલબના સ્વયંસેવકોની મદદથી વનવિભાગ દ્વારા આંતરસુબાના પ્રાકૃતિક વિસ્તારમાં મુકત કરી દેવાયો હતો.

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં શહેર અસ્તિત્વમાં આવ્યુ તે

● અનુસંધાન પાન-૭ પર


## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કલાવતી રમેશચંદ્ર ભટ્ટ

તમે નજરોથી દૂર થઈ ગયા,
વિધિના લખ્યા લેખ કેટલા ક્રુર થઈ ગયા.
હજી જોઈતો હતો તમારો સંગાથ ત્યાં તમે દૂર થઈ ગયા
છોડાવ્યો તમે હાથ અને અમે મજબૂર થઈ ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

રમેશચંદ્ર મગનલાલ ભટ્ટ
(નિવૃત્ત આંકડા મદદનીશ)
પરેશ રમેશચંદ્ર ભટ્ટ (પુત્ર) (ઝીગ્મા કોમ્પ્યુટર) — મીનળ પરેશકુમાર ભટ્ટ (સંગીત શિક્ષક - પુત્રવધુ)
નીલેશ રમેશચંદ્ર ભટ્ટ (પુત્ર) — જયશ્રી નીલેશ ભટ્ટ (શિક્ષક)
ફાલ્ગુન રમેશચંદ્ર ભટ્ટ (પુત્ર) — દક્ષા ફાલ્ગુન ભટ્ટ (શિક્ષક)
(નિમિત્ત - ભૂમિ - અમિ - બીરવા - અભિ)
ફર્મ : ZIGMA COOMPUTER-Gandhinagar-9924133538


# આજે શહેરમાં જનવેદના સંમેલન યોજાશે

**જન અધિકાર મંચ દ્વારા પડતર પ્રશ્નો અંગે આંદોલન, આશા-આંગણવાડી બહેનો અને બેરોજગાર યુવાનો સહિત કોન્ટ્રાકટ-આઉટસોર્સીંગના કર્મચારીઓ મોટીસંખ્યામાં સંમેલનમાં ભાગ લેશે**


ગાંધીનગર, તા.૧૬

રાજયના કર્મચારીઓ, બેરોજગાર યુવાનો અને ખેડુતોને ન્યાય અપાવવા માટે જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામ છેલ્લા ત્રણ વર્ષથી લડત ચલાવી રહ્યા છે. ત્યારે માત્ર ફિકસ પગારના પ્રશ્નમાં સફળતા મળવા પામી છે. પરંતુ કોન્ટ્રાકટ કર્મચારી-આઉટસોર્સીંગ કર્મચારી, આશા-આંગણવાડી બહેનો માટે સરકારે યોગ્ય નિર્ણય લેવા જન અધિકાર મંચ દ્વારા વારંવાર રજુઆત કરવા છતા હજુ સુધી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. ત્યારે જન અધિકાર મંચ દ્વારા સરકારને તા.૧૬ સુધી અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું પરંતુ યોગ્ય નિર્ણય ન આવતા જન અધિકાર મંચ તા.૧૭ના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે જનવેદના મહાસંમેલન યોજશે. આ સંમેલનમાં રાજયભરમાંથી હજ્જારો યુવાનો, કર્મચારીઓ, આશા-આંગણવાડી બહેનો જોડાશે.

જન અધિકાર મંચ દ્વારા સરકારમાં કરવામાં આવેલ મુખ્ય માંગણીઓમાં કોન્ટ્રાકટ કર્મચારીઓને જોબ સિકયુરીટી આપી સમાન કામનું સમાન વેતન આપવામાં આવે અને આઉટસોર્સ કર્મચારીઓને માટે યોગ્ય કરવામાં

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય







WANTED
Urgent Need for IOS developer
Send your resume at weare@blackposition.in








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com